ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના ૧૮૬૩

# નવસારી-વલસાડ-વાપી

તાપમાન

| | મહત્તમ | લઘુતમ |
|---|---|---|
| નવસારી | ૩૪.૦° સે. | ૨૮.૦° સે. |
| આહવા | ૩૫.૦° સે. | ૨૫.૦° સે. |
| વલસાડ | ૩૫.૦° સે. | ૨૮.૦° સે. |
| વાપી | ૩૫.૦° સે. | ૨૮.૦° સે. |



## નવસારી મનપામાં ચેરમેનશીપનું સસ્પેન્સ હવે સમાપ્તિના આરે!

**વિવિધ** કમિટીઓના ચેરમેનોનાં નામો પર લગભગ અંતિમ મહોર; અટવાયેલાં વિકાસકાર્યોને મળશે ગતિ, નાગરિકોમાં નવી આશાનો સંચાર

નવસારીઃ નવસારી મહાનગરપાલિકાની વિવિધ કમિટીઓના ચેરમેનોની વરણી પ્રક્રિયા હવે અંતિમ તબક્કામાં પહોંચી ગઈ હોવાનું રાજકીય અને નાગરિક વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. છેલ્લા કેટલાક અઠવાડિયાથી ચાલતી અટકળો, રાજકીય સમીકરણો અને નામોની ચર્ચાઓ વચ્ચે હવે ચિત્ર લગભગ સ્પષ્ટ બની ગયું હોવાનું માનવામાં આવે છે. સંગઠન સ્તરે તૈયાર કરાયેલી યાદી ઉચ્ચ સ્તરે પહોંચી ચૂકી હોવાનું અને હવે માત્ર સત્તાવાર જાહેરાતની રાહ હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે.

મનપાની વિવિધ કમિટીઓ શહેરના વિકાસના એન્જિન સમાન માનવામાં આવે છે. ચેરમેનોની વરણી પૂર્ણ થતાં જ પાણી પુરવઠો, માર્ગ અને મકાન, ડ્રેનેજ, આરોગ્ય, સફાઈ, ટાઉન પ્લાનિંગ, બાગ-બગીચા અને અન્ય મહત્વપૂર્ણ વિભાગોના કામકાજમાં નવી સ્ફૂર્તિ જોવા મળશે તેવી આશા વ્યક્ત થઈ રહી છે. લાંબા સમયથી નિર્ણયોની રાહ જોઈ રહેલા અનેક વિકાસલક્ષી પ્રસ્તાવો અને યોજનાઓને પણ હવે ગતિ મળશે.

ખાસ કરીને ઝડપથી વિસ્તરી રહેલા નવસારી શહેર માટે આગામી સમયગાળો અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે. ચોમાસાની ઋતુ દરમિયાન ઊભા થતા પ્રશ્નો, માર્ગ સુવિધાઓ, વરસાદી પાણીના નિકાલ, ટ્રાફિક વ્યવસ્થા, સ્વચ્છતા અને પીવાના પાણી જેવી મૂળભૂત જરૂરિયાતોને વધુ અસરકારક રીતે સંભાળવા માટે કમિટીઓની ભૂમિકા નિર્ણાયક બનશે. નવા ચેરમેનોના નેતૃત્વ હેઠળ શહેરના વિવિધ વિસ્તારોમાં ચાલી રહેલા વિકાસકાર્યોને વધુ ગતિ મળશે તેવી અપેક્ષા છે. શહેરના નાગરિકોમાં પણ નવી આશા જોવા મળી રહી છે. લોકોનું માનવું છે કે હવે રાજકીય ચર્ચાઓ અને અટકળોનો અંત આવી વિકાસના મુદ્દાઓ કેન્દ્રસ્થાને આવશે. નવી ટીમ પાસે માત્ર હોદ્દાની જવાબદારી નહીં, પરંતુ શહેરના ભવિષ્યને વધુ સુવ્યવસ્થિત, સુવિધાસભર અને પ્રગતિશીલ બનાવવાની તક પણ હશે.

ચેરમેનોની સત્તાવાર જાહેરાત સાથે જ મનપાના નવા કાર્યકાળનો પ્રારંભ થશે. વિકાસલક્ષી દ્રષ્ટિકોણ, ઝડપી નિર્ણયશક્તિ અને જનહિતને કેન્દ્રમાં રાખીને કાર્ય કરનાર નેતૃત્વ શહેરને નવી ઊંચાઈઓ તરફ લઈ જઈ શકે છે. તેથી હવે સમગ્ર નવસારીની નજર માત્ર નામોની જાહેરાત પર નહીં, પરંતુ તે નામો શહેરના વિકાસને કેટલી નવી દિશા આપે છે તેના પર ટકેલી છે. શહેરવાસીઓની અપેક્ષા છે કે નવા ચેરમેનો સુશાસનના ક્ષેત્રે વધુ મજબૂત ઓળખ ઉભી કરશે.

## નવસારી સબજેલના બેરેકમાંથી મોબાઈલ, સિમ કાર્ડ મળી આવ્યું

**મધરાતે** કરાયેલી સરપ્રાઇઝ તપાસમાં પ્રતિબંધિત સામગ્રી ઝડપાઇ

નવસારીઃ નવસારી જિલ્લા સબજેલમાં સુરક્ષા વ્યવસ્થાની ચુસ્તતા ચકાસવા માટે હાથ ધરાયેલી વિશેષ તપાસ દરમિયાન ચોંકાવનારી હકીકત સામે આવી છે. જેલની એક બેરેકમાંથી પ્રતિબંધિત મોબાઈલ ફોન અને બે સિમકાર્ડ મળી આવતાં જેલ તંત્ર અને પોલીસ તંત્ર હરકતમાં આવી ગયા છે. જેલ પરિસરમાં મોબાઈલ જેવી પ્રતિબંધિત વસ્તુની હાજરીએ સુરક્ષા વ્યવસ્થાને લઈને નવા પ્રશ્નો ઊભા કર્યા છે.

સૂત્રોના જણાવ્યા મુજબ જેલ અધિકારીઓને મળેલી ચોક્કસ માહિતીના આધારે મધરાતે અચાનક સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જેલ સ્ટાફ અને સુરક્ષાકર્મીઓની ટીમે વિવિધ બેરેકોમાં સઘન તપાસ શરૂ કરી હતી. દરમિયાન એક બેરેકના લોબી વિસ્તારમાંથી મોબાઈલ ફોન અને બે સિમકાર્ડ મળી આવ્યા હતા. આ શોધ બાદ સમગ્ર જેલ પરિસરમાં વધુ સતર્કતા દાખવવામાં આવી છે. મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને જેલ તંત્ર દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. સાથે જ જપ્ત કરાયેલા મોબાઈલ ફોનને ફોરેન્સિક અને સાયબર તપાસ માટે મોકલવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. તપાસમાં મોબાઈલનો ઉપયોગ કોણ કરતું હતું, તે જેલમાં કેવી રીતે પહોંચ્યો અને તેનો કોઈ ગેરકાયદે હેતુ માટે ઉપયોગ થયો હતો કે નહીં તે મુદ્દાઓ પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આ ઘટનાએ જેલની અંદરની સુરક્ષા વ્યવસ્થા, દેખરેખ અને પ્રતિબંધિત વસ્તુઓની હેરફેરને લઈને અનેક ચર્ચાઓ જગાવી છે. પોલીસ અને જેલ તંત્ર હવે સમગ્ર ઘટનાક્રમના મૂળ સુધી પહોંચવા માટે વિવિધ દિશામાં તપાસ આગળ ધપાવી રહ્યા છે.

## ડાંગના પોળસમાળમાં ડેમની કામગીરીમાં ભ્રષ્ટાચારના આક્ષેપો

**વિડીયો**-ફોટોના પુરાવા આપી તાત્કાલિક તપાસની માંગ સાથે DDOને રજૂઆત


ગીરીશ ભોયે

સાપુતારાઃ આહવા તાલુકામાં આવેલી કીરલી ગ્રામ પંચાયતના પોલસમાળ ગામમાં સરકારી યોજના અંતર્ગત ચાલી રહેલા ડેમ ઊંડાણ અને પાળ બાંધકામ (પિચિંગ/પ્રોટેક્શન વોલ)નાં કામમાં મોટાપાયે ભ્રષ્ટાચાર અને બોગસ કામગીરી થઈ રહી હોવાની ગંભીર ફરિયાદ સામે આવી છે. ડાંગ જિલ્લા આઈ.ટી. સેલ(કોંગ્રેસ)ના પ્રમુખ મનીષ કે. મારકણા દ્વારા પોળસમાળ ગામના સમસ્ત ગ્રામજનો વતી આ બાબતે આહવા ખાતે જિલ્લા વિકાસ અધિકારી (DDO)ને એક લેખિત આવેદનપત્ર આપીને તાત્કાલિક તટસ્થ તપાસ કરવાની માંગ કરવામાં આવી છે.

પોલસમાળ ગામમાં પ્રગતિમાં રહેલું ડેમ ઊંડાણ અને પ્રોટેક્શન વોલનું સરકારી કામ કોન્ટ્રાક્ટર દ્વારા લોકહિતને નેવે મૂકીને અત્યંત નબળી ગુણવત્તાનું અને બોગસ કરવામાં આવી રહ્યું છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે બાંધકામમાં સિમેન્ટ, રેતી અને કપચીના યોગ્ય મિશ્રણ વિના માત્ર ઉપરથી પાતળું પ્લાસ્ટર કરી દેખાવ પૂરતું કામ કરાયું છે, જ્યારે અંદરથી આખું માળખું પોલું છે. સામાન્ય લાકડીના પ્રહારથી પણ બાંધકામ ખરી પડે છે અને અંદરથી માત્ર માટી-પથ્થરો નીકળતા હોવાના વિડીયો-ફોટા પુરાવા રૂપે રજૂ કરાયા છે. ચોમાસામાં આ વોલ તૂટી જવાથી લાખોની સરકારી ગ્રાન્ટ વેડફાશે અને મોટી હોનારત સર્જાઈ શકે છે. તેથી, DDO સમક્ષ ઉચ્ચ કક્ષાની ટેકનિકલ ટીમ દ્વારા તાત્કાલિક તટસ્થ તપાસ કરાવવા, આ કામનું પેમેન્ટ અટકાવવા, જવાબદાર કોન્ટ્રાક્ટર-એન્જિનિયર સામે કડક પગલાં ભરી એજન્સીને બ્લેક લિસ્ટ કરવા અને સરકારી ધારાધોરણો (SOR) મુજબ નવું મજબૂત બાંધકામ ફરીથી કરાવવા ઉગ્ર રજૂઆત કરાઈ છે.

## વિરાવળમાં કનેક્શન છે પરંતુ પાણી પહોંચતું નથી, સમસ્યાથી લોકો ત્રસ્ત

**નિયમિત** અને પૂરતા દબાણ સાથે પાણી પુરવઠાની પાલિકા સમક્ષ રહીશોની માંગ

નવસારીઃ નવસારીના વોર્ડ નં. 4 હેઠળ આવતા વિરાવળ અને મોટા હળપતિવાસ વિસ્તારમાં પાણીની લાઈન અને કનેક્શન હોવા છતાં અનેક પરિવારો સુધી પૂરતું પાણી પહોંચી શકતું નથી, જેના કારણે લોકોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે.

રહેવાસીઓના જણાવ્યા મુજબ શહેરના અન્ય વિસ્તારોની સરખામણીએ અહીં પાણી છોડવાનો સમય ઘણો ઓછો છે. ઉપરાંત પાણીનું દબાણ પણ પૂરતું ન હોવાથી ખાસ કરીને અંતિમ વિસ્તારોમાં આવેલા ઘરો સુધી પાણી પહોંચી શકતું નથી. પરિણામે અનેક પરિવારોને પીવાનું પાણી અને ઘરગથ્થુ ઉપયોગ માટે જરૂરી પાણી મેળવવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. સ્થાનિકોનું કહેવું છે કે વારંવાર સર્જાતી ટેકનિકલ ખામીઓના કારણે પાણી પુરવઠાની સ્થિતિ વધુ ખરાબ બની રહી છે. આ પ્રશ્નને લઈને સ્થાનિક રહીશો મહાનગરપાલિકા કચેરીએ પહોંચ્યા હતા અને જવાબદાર અધિકારીઓ સમક્ષ પોતાની વ્યથા વ્યક્ત કરી હતી. કોંગ્રેસના સ્થાનિક આગેવાનો અને નગરસેવકોની આગેવાનીમાં રજૂઆત કરીને પાણી પુરવઠાની સમગ્ર વ્યવસ્થાની સમીક્ષા કરવા, પાણી છોડવાનો સમય વધારવા તેમજ પૂરતા દબાણ સાથે નિયમિત પુરવઠો સુનિશ્ચિત કરવા માંગ કરવામાં આવી છે.

## નવસારીમાં વર્ષો જૂના આદિવાસી પરિવારના મકાન પર બુલડોઝર ફેરવાયું

**આદિવાસી** સમાજની વૈકલ્પિક વ્યવસ્થાની માંગ

નવસારીઃ નવસારીના વોર્ડ નં. 13 સ્થિત જીજસ કોલોની વિસ્તારમાં સોમવારે હાથ ધરાયેલી દબાણ હટાવવાની કાર્યવાહી બાદ શહેરમાં ચર્ચા અને ચિંતાનો માહોલ સર્જાયો છે. મહાનગરપાલિકા અને વહીવટી તંત્રે પોલીસ બંદોબસ્ત વચ્ચે વર્ષોથી વસવાટ કરતાં એક આદિવાસી પરિવારના રહેણાંક મકાનને દૂર કર્યું હતું.

પરિવાર અને સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ તેઓ લાંબા સમયથી આ સ્થળે રહેતા હતા અને આ જગ્યા સાથે તેમની લાગણીઓ તથા જીવનની અનેક યાદો જોડાયેલી હતી. કાર્યવાહી દરમિયાન આદિવાસી સમાજની આસ્થા સાથે સંકળાયેલા મામાદેવના સ્થાનકને પણ દૂર કરવામાં આવ્યું હોવાની માહિતી સામે આવતાં સમાજમાં વ્યાપક લાગણીસભર પ્રતિસાદ જોવા મળ્યો હતો. ઘટનાની જાણ થતાં આદિવાસી સમાજના આગેવાનો, સ્થાનિક પ્રતિનિધિઓ અને નગરસેવકો સ્થળ પર પહોંચ્યા હતા. અસરગ્રસ્ત પરિવાર માટે કાયમી અને માનવતાપૂર્ણ પુનર્વસનની માંગ સાથે વહીવટી તંત્ર સમક્ષ રજૂઆતો પણ કરવામાં આવી હતી. સ્થાનિકોમાં એવી લાગણી જોવા મળી રહી છે કે કાયદાકીય કાર્યવાહી સાથે અસરગ્રસ્ત પરિવારોની જીવનજરૂરિયાતો અને સામાજિક સંવેદનાઓને પણ સમાન મહત્વ મળવું જોઈએ.

**ત્રણ વખત નોટિસ આપી હતી, શેલ્ટર હોમમાં કામચલાઉ વ્યવસ્થા કરાઈઃ પ્રાંત અધિકારી**

પ્રાંત અધિકારી ડો. જનમ ઠાકોરે જણાવ્યું હતું કે સંબંધિત પરિવારને અગાઉ ત્રણ વખત નોટિસ આપવામાં આવી હતી અને કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તેમણે ઉમેર્યું હતું કે હાલ પરિવાર માટે શેલ્ટર હોમમાં કામચલાઉ વ્યવસ્થા કરવામાં આવશે અને આગળની વૈકલ્પિક વ્યવસ્થા અંગે પણ વિચારણા કરવામાં આવશે.

## ખાંડ ઉદ્યોગના 'મીઠા' સ્વાદ પાછળ કાપણીના શ્રમિકોની 'કડવી' વ્યથા

**એડ્વાન્સ** અને વ્યાજના વિષચક્ર, પાયાની સુવિધા અંગે શ્રમિકોએ વર્ણવી આપવીતી

સાપુતારાઃ ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા સ્થિત આંબેડકર ભવન ખાતે તાજેતરમાં પીપલ્સ યુનિયન ફોર સિવિલ લિબર્ટીઝ (પીયુસીએલ) ગુજરાત અને મજૂર અધિકાર મંચના સંયુક્ત ઉપક્રમે શેરડી કાપણી મજૂરોની એક મહત્વપૂર્ણ જન સુનાવણી યોજાઈ હતી. જેમાં ડાંગ સહિત આસપાસના અંતરિયાળ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ઉપસ્થિત શ્રમિકો, મહિલાઓ અને મુકાદમોએ વર્ષો જૂની આર્થિક-સામાજિક વ્યથા અને કડવા અનુભવો ખુલ્લેઆમ રજૂ કર્યા હતા. દર વર્ષે હજારો આદિવાસી પરિવારો રોજીરોટી માટે દક્ષિણ ગુજરાતની શુગર મિલોમાં સ્થળાંતર કરે છે. સુનાવણીમાં સામે આવ્યું કે, વર્ષ 2023માં સરકાર દ્વારા ન્યૂનતમ મજૂરી દર જાહેર કરાયો હોવા છતાં, મજૂરોને પૂરતું કાયદેસરનું વેતન મળતું નથી. શ્રમિકો કાર્યસ્થળે પાકા આશ્રયસ્થાન, શુદ્ધ પાણી, આરોગ્ય, બાળકોનું શિક્ષણ અને મહિલા સુરક્ષા જેવી મૂળભૂત સુવિધાઓ વિના નરકાગાર જેવી સ્થિતિમાં જીવે છે.

મજૂરોએ હૃદયદ્રાવક જુબાનીઓ આપતા જણાવ્યું કે, તેઓ એડવાન્સ (ઉલાડ) અને વ્યાજના વિષચક્રમાં ફસાયેલા છે. આ ઉપરાંત અકસ્માતો, સારવારનો અભાવ, બાળકોના અભ્યાસ બગડવો અને મહિલાઓના શોષણ જેવા ગંભીર મુદ્દાઓ ઉઠાવીને જાગૃત શ્રમિકોએ શપથપત્રો અને દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા હતા. સુનાવણીમાં ન્યાયિક સમિતિ તરીકે સામાજિક અગ્રણીઓ હર્ષ હેગડે, નવસદ દેસાઈ, પંકિત જોગ, સુશીલા, ઈરફાન ઈજીનયર અને એડવોકેટ રોશન સરોલીયા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સ્વીકાર્યું કે ખાંડ ઉદ્યોગના મુખ્ય આધારસ્તંભ હોવા છતાં વહીવટી ઉદાસીનતાને લીધે મજૂરો હકોથી વંચિત છે.

સમિતિએ સરકાર અને શ્રમ વિભાગને તાકીદે કડક પગલાં ભરી ન્યૂનતમ વેતન અને સામાજિક સુરક્ષા સુનિશ્ચિત કરવા ભાર મૂક્યો હતો. અંતે આયોજકોએ જણાવ્યું કે, રજૂ થયેલા પુરાવા અને નિવેદનોના આધારે એક વિસ્તૃત સત્તાવાર અહેવાલ તૈયાર કરી ભલામણો સાથે સરકાર અને શ્રમ આયુક્તને સોંપાશે.

## નોગામા ગામેથી ગેરકાયદે કેમિકલના જથ્થા સાથે એકની અટકાયત

**ચીખલી** પોલીસે 1540 લિટર કેમિકલ સાથે કુલ રૂ.4.17 લાખની મતા કબજે કરી

ચીખલ: ચીખલી પોલીસે નોગામાં ગામેથી ગેરકાયદે રાખવામાં આવેલા ૧.૦૭ લાખ રૂપિયાના કેમિકલના જથ્થા સાથે એકની અટકાયત કરી ૪.૧૭ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી અનુસાર પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફના મહેન્દ્ર ભાઈ, વિજયભાઈ દેવાયત, જયપાલસિંહ, કલ્પેશભાઈ, અલ્પેશભાઈ સહિતનાઓ ખાનગી વાહનમાં પેટ્રોલિંગમાં હતા, તે દરમિયાન નોગામા ગામની સીમમાં, GEBની સામે, ટાંકલ સર્કલથી ખારેલ તરફ જતાં રોડ પર આવેલા 'શિવમ માર્બલ એન્ડ સીરામીક' ના શો-રૂમના કમ્પાઉન્ડમાં ખુલ્લી જગ્યામાં કેમિકલ ભરેલા બેરલો સંતાડી રાખવામાં આવ્યા હતા અને આ કેમિકલ ગણદેવી તાલુકાના, ગણદેવા ગામના, મોઘાનગરના વતની દિપકકુમાર મોહનલાલ કિશોરજી બોલીવાલે રાખ્યું હોવાની માહિતીના આધારે પોલીસે બાતમીવાળી જગ્યાએ રેડ કરી તપાસ કરતાં શો-રૂમમાં મિસ્ત્રીકામ કરતો પ્રેમ ભગત સાવન નામનો વ્યક્તિ મળી આવ્યો હતો. તેની હાજરીમાં તપાસ કરતાં શો-રૂમની પાછળની દિવાલ પાસેથી પ્લાસ્ટિકના મોટા ૬ બેરલ અને નજીકમાં ઉભેલા એક સફેદ કલરના મહિન્દ્રા કંપનીના 'SUPRO' ટેમ્પો (નં. GJ 21 Y 7752) ના પાછળના ડાલામાંથી વધુ ૧ લોખંડનું બેરલ મળી આવ્યું હતું.

પોલીસે તમામ ૭ બેરલોમાં તપાસ કરતાં તેમાંથી ચોરીના અથવા છળકપટથી મેળવેલા આશરે ૧૫૪૦ લીટર કેમિકલ (થીનર)નો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કુલ રૂ.૪,૧૭,૮૦૦નો મુદ્દામાલ કબજે લીધો હતો. પોલીસે આ ગેરકાયદે પ્રવૃત્તિમાં સડોવાયેલા દિપકકુમાર મોહનલાલ કિશોરજી બોલીવાલની નાગરિક સુરક્ષા સંહિતાની જોગવાઈ મુજબ અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી હતી.

## ચીખલી વીજ કંપનીમાં 'સાહેબ' પાવરલેસ, 'લાઈનમેન' પાવરફુલ!

**ડિજિટલ** ઈન્ડિયામાં એક કેબલ ફોલ્ટ સુધારતા 3 દિવસ લાગે? લોકોનો પ્રશ્ન

**ગ્રાહકોની** મોટરો 'ઊંઘી' ફેરવતો ચીખલી વીજ કંપનીનો અનોખો કારભાર!

ચીખલ: ચીખલી નાયબ ઈજનેર વીજ કંપનીની કચેરીનો વહીવટ છેલ્લા કેટલાક સમયથી સાવ ખાડે ગયો છે. કચેરીના અધિકારીઓ, સ્થાનિક સ્ટાફ, લાઇનમેન અને કોન્ટ્રાક્ટરો વચ્ચેના આંતરિક ઘરોબાને કારણે અધિકારીઓનું કોઈ સાંભળતું ન હોવાની બૂમ ઊઠી છે. સ્ટાફની આવી મનમાનીનો ભોગ નિર્દોષ વીજ ગ્રાહકો બની રહ્યા છે.

ભરઉનાળે મહાદેવ ફીડર છેલ્લા ત્રણ-ચાર દિવસથી કોઈ પણ પૂર્વ જાણ વગર મનમાની રીતે રોજ ૫ કલાક બંધ કરી દેવામાં આવે છે. વીજ કંપની દ્વારા કેબલ ફોલ્ટનું બહાનું ચલાવવામાં આવે છે, પરંતુ સવાલ એ થાય છે કે શું ત્રણ દિવસ સુધી કેબલ ફોલ્ટ રિપેર ન થઈ શકે? આ ઉપરાંત, લાઈનના છેડા જોડવામાં થયેલી ભૂલને કારણે ગ્રાહકોની મોટર ઊંધી ફરવાના બનાવો પણ સામે આવ્યા છે. નિયમ મુજબ ઔદ્યોગિક એચ.ટી. લાઈન બંધ કરતા પહેલા ગ્રાહકોને જાણ કરવી અનિવાર્ય હોય છે, પરંતુ અહીં નિયમોનું સરેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે, જેથી ઉદ્યોગકારોને ભારે આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

જ્યારે પણ ફીડર કે ટ્રાન્સફોર્મરમાં ખામી સર્જાય ત્યારે કચેરીનો કમ્પ્લેન મોબાઈલ નંબર બંધ કરી દેવામાં આવે છે. ગ્રાહકો દ્વારા નોંધાવવામાં આવતી સામાન્ય ફરિયાદનો નિકાલ કરતા પણ કર્મચારીઓ ૨૪ કલાક જેટલો સમય લગાડે છે. મહાદેવ ફીડરની જેમ જ અન્ય ટ્રાન્સફોર્મરો અને ખેતીવાડીની લાઈનો પણ મરજી મુજબ ચાલુ-બંધ કરાતી હોવાથી ખેડૂતો અને સામાન્ય જનતા ત્રાહિમામ પોકારી ઊઠી છે. જો વીજ કંપનીનો આ અંધેર વહીવટ વહેલી તકે નહીં સુધરે, તો આગામી દિવસોમાં રોષે ભરાયેલા ગ્રાહકો કચેરીએ મોરચો માંડે તો નવાઈ નહીં.

કેરસી બારીયા

## કૃષિ યુનિ. દ્વારા ભલામણ કરાયેલા ડોઝ મુજબ જ ખાતર ઉપલબ્ધ કરાશે

**ગણદેવી** તાલુકા ખેડૂત સંઘના આંગણે ખેડૂત શિબિર યોજાઈ

**વૈજ્ઞાનિક** ખેતી અને નવી ખાતર ખરીદી પદ્ધતિ અંગે માર્ગદર્શન અપાયું

બીલીમોરાઃ ગણદેવી તાલુકા ખેડૂત સંઘ અને કૃષક ભારતી કો-ઓપરેટિવ લિમિટેડ (કૃભકો)ના સંયુક્ત ઉપક્રમે સોમવારે ખેડૂત સંઘ પરિસરમાં ખેડૂત શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું

શિબિરમાં કૃભકોના એરિયા મેનેજર ડી.એમ. નાયકે જણાવ્યું હતું કે રાસાયણિક ખાતરોના અતિરેક ઉપયોગથી જમીનની ફળદ્રુપતા ઘટી રહી છે અને ખેતીની ગુણવત્તા પર પ્રતિકૂળ અસર જોવા મળી રહી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા ખાતર વિતરણ નીતિમાં મહત્ત્વપૂર્ણ ફેરફારો કરવામાં આવ્યા છે. કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા પાક આધારિત ભલામણ કરાયેલા ડોઝ મુજબ જ ખાતર ઉપલબ્ધ કરાવવામાં આવશે. તેમણે ખેડૂતોને રાસાયણિક ખાતરોનો સંતુલિત ઉપયોગ કરવા તથા ઓર્ગેનિક ખેતી તરફ વળવા અપીલ કરી હતી. જમીનમાં રહેલા લાભદાયી બેક્ટેરિયાના સંવર્ધન માટે જૈવિક ખેતી જરૂરી બની છે. ગણદેવી ખેડૂત સંઘના પ્રમુખ ગોવિંદભાઈ પટેલે જણાવ્યું કે નવસારી જિલ્લામાં આશરે ૨૦,૨૫૦ ખેડૂતો ખેતી સાથે સંકળાયેલા છે અને જિલ્લાના ૫૬ ટકા લોકોનો મુખ્ય આધાર ખેતી છે. ગણદેવી તાલુકામાં ૧૯,૧૭૭ હેક્ટર વિસ્તારમાં ખેતી કરવામાં આવે છે.

જિલ્લામાં વપરાતા કુલ ખાતરમાં યુરિયાનો હિસ્સો આશરે ૫૦ ટકા જેટલો છે. આ પ્રસંગે વસુધારા ડેરીના ચેરમેન રાજેશભાઈ પટેલ, ખેડૂત સંઘના ઉપપ્રમુખ રઘુભાઈ પટેલ, મેનેજર પરીમલ રાવલ, અભિષેક પટેલ સહિત સહકારી ક્ષેત્રના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. શિબિર દરમિયાન ખેડૂતોને વૈજ્ઞાનિક અભિગમ અપનાવી ખર્ચ ઘટાડવા અને ઉત્પાદન વધારવા માટે પ્રેરણા આપવામાં આવી હતી.

## વલસાડનો એસટી ડેપો કે 'સમસ્યા'નો ડેપો?

**નામ** બડે ઔર દર્શન છોટે, શૌચાલય, સ્ક્રોલ ડિસ્પ્લે, રસ્તાઓને લઈ મુસાફરોને મુશ્કેલી

વલસાડઃ વલસાડ ડેપોમાં જવાબદારોની બિન કાર્યક્ષમતાને લઈ અનેકવિધ સમસ્યાઓ જોવા મળી રહી છે, જેને લઈ મુસાફરો પરેશાન થઈ રહ્યા છે.

પ્રથમ સમસ્યામાં વલસાડ જુનાગઢ માટે સ્લીપર બસમાં ચાર મુસાફરે એડવાન્સ ઓનલાઈન બુકિંગ કરાવેલું હતું. જેના રૂ.1,890 ઓનલાઈન ચૂકવાયા હતા. જોકે વલસાડ ડેપોએ કોઈક સમસ્યાના લીધે સ્લીપર બસના બદલે અન્ય બસ ફાળવી હતી. જેથી

ગોંડલ સુધી જનારા આ પરિવારે એસટીમા પ્રવાસ રદ કરવાનું ઉચિત માની ખાનગી ટ્રાવેલ્સમાં જવા માટે વધુ ભાડું ખર્ચવું પડ્યું હતું.

આમ વલસાડ ડેપોએ સ્લીપર કોચ રદ કરતાં પરિવારને દોઢથી બે કલાકનો બીજી બસ માટે ત્રાસ વેઠવો પડ્યો અને ભાડા પેટે બમણો ખર્ચ કરવો પડ્યો. જેથી મર્યાદિત સંખ્યાની બસમાં વૈકલ્પિક વ્યવસ્થાનું આયોજન નિગમે કરવું જોઈએ, બીજી તરફ આ પરિવારને 1890નું રિફંડ 12 જૂન સુધીમાં જમા થયું નથી.

શૌચાલયમાં નિઃશુલ્ક સેવા છે છતાં આ સ્ટીકર ડેપોવાળાએ દૂર કરી માત્ર-મફત શૌચાલય સેવા- લખવું જોઈએ,

આ લખાણ ગેરસમજ ફેલાવી મહિલાઓ પાસેથી કેટલાક તત્વો પૈસા ખંખેરી જાય છે. ડેપોના બાંધકામ સમયે એસટીના પ્રવેશ દ્વારે પણ દરવાજા લગાવવાનું નક્કી થયેલું તથા લક્ષ્મી ટોકીઝવાળી ગલીથી મુસાફરોને સીધા આવવા જવા માટેનો રસ્તો પણ બનાવવાનું નક્કી થયેલું, તે આજદિન સુધી કેમ થયા નથી તે પ્રત્યે વિભાગીય નિયામક- બાંધકામ તંત્ર ધ્યાન આપે તે જરૂરી છે. ઉપરાંત મહત્ત્વની બાબતમાં ડેપોમાં એટીએમ-૧ ની જગા ફાળવેલી છે, પણ એટીએમ જ નથી.

એસ.ટી. નિગમે જીપીએસ લગાવી બસની આવન જાવનની પાછળ દેખરેખ રાખવા લાખો રૂપિયાનું આંધણ કરેલું છે છતાં તંત્ર સતત મોનિટરિંગ કરતું ના હોય ઘણા શિડ્યુલની ટ્રીપ ડેપોમાં આવવાના સમય કરતાં અડધો કલાક વહેલી આવી જાય છે અને ખરો સમય થાય ત્યારે નોંધાવવા જાય છે. જેથી ડેપોના પ્રવેશ દ્વારે ચેકિંગ કરી તે સમયે પ્રવેશ કરતી બસનો નંબર- સમય નોંધી તેનો ખરેખર આવવાનો સમય કયો છે? સાથે સરખામણી કરવી જરૂરી બને છે તેવી મુસાફરોની માંગણી છે.

**ડેપોમાં રખડતા ઢોરોનો અડીંગો**

બસ ડેપો પરિસરમા પ્લેટફોર્મ વિસ્તારમાં પેવર બ્લોક બેસી જતાં આરસીસી તૂટતા ખાડાઓ સર્જાયેલા છે. જે ચોમાસામાં મુસાફરોને ગંદા પાણીથી દુઃખી કરશે. મુસાફરો પ્લેટફોર્મની આડસ ઉપર બેસી જાય છે તે પણ મનાઈ ફરમાવવી જોઈએ. ઢોર રખડે છે તેને પણ દૂર કરવા જોઈએ. નવા ડેપોના ઉદ્ઘાટન થયા પછી થોડો સમય સ્ક્રોલ ડિસ્પ્લે ચાલી હતી જે ત્રણેક વર્ષથી બંધ છે, આવનારી બસની માહિતી માટે એકમાત્ર ડિસ્પ્લે છે.